# શીલ શ્રુતમ્


સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૦ અંક : ૬-૭ ૧૫-૨-૨૦૧૦ સળંગ અંક : ૨૨૦



સંપાદકો

પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી


## સંપાદકીય

### *તો હેત વધારો જી હો જી...*

વાહ ! આ તો જલસો થઈ ગયો. છઠ્ઠું પગાર પંચ લાગુ પડી ગયું. પગાર વધી ગયા. તમારો કેટલો વધ્યો ? અચ્છા... આવી જિજ્ઞાસાઓનું હનીમૂન હવે લગભગ પૂરું થઈ ગયું છે. ને વધેલા અને હજુ આવનારા પૈસાનું શું કરવું એની વિચારણા થવા માંડી છે. દીર્ઘ દૃષ્ટિવાળાઓએ તો આ પણ અગાઉથી જ વિચારી રાખ્યું છે. હવે એનું અમલીકરણ શરૂ થઈ ગયું છે. સર્વત્ર ઉલ્લાસ છે. નવસંચાર છે. એક નવી શરૂઆતનો રોમાંચ છે. કેટલાક અધ્યાપકોને માટે હજુ આ પળ નથી આવી. પરંતુ ગણતરીના દિવસોમાં તેઓ પણ આ અનોખી ઓરકેસ્ટ્રામાં જોડાઈ જવાના છે.

આનંદની આ ઉજાણી વચ્ચે એક વિસંવાદિતાનો ધ્વનિ પણ કાને પડ્યો. ''શિક્ષકોને પગાર વધારી આપ્યો. પણ તેમણે વધારાનું ભણાવવાનું ચાલુ કર્યું કે નહીં તે કોઈએ તપાસ કરી ? છઠ્ઠા પગારપંચે તો દાટ વાળ્યો.''

કોણ છે આ ? દૂધપાકમાં લીંબુ નીચોવવાનું કુકર્મ કોણ કરી રહ્યું છે ? જવાદો ને...એ તો કહે છે મેં 'અંતરના ઉંડાણમાંથી દિમાગની વાત દિલથી' કરી છે.

પણ આ છે કોણ ? આવું તમારા કાને/આંખે પડ્યું ક્યાંથી ?

ઈન્ટરનેટના ઉકરડામાંથી... એમાંના એક બ્લોગ પરથી...

રદીઓ આપી દો... કડક શબ્દોમાં વખોડી કાઢો. આવા હિતશત્રુઓને તો ઉગતા જ ડામવા. કૌટીલ્યે કહ્યું છેઃ રોગ અને શત્રુને ઉગતા જ ડામવા...

વાત તો સાચી. પરંતુ આ વિસંવાદી સ્વર મને આત્મ નિરીક્ષણ કરવા પ્રેરે છે. શું ખરેખર આવું છે ? છઠ્ઠા પગાર પંચે શું ખરેખર દાટ વાળ્યો છે ? પગાર વધ્યો એટલે વધારાનું ભણાવવાનું ? ગઈકાલ સુધી શું ઓછું ભણાવતા હતા ? પગાર ઓછો હતો એટલે ને આજે પગાર વધી ગયો એટલે એકદમ અપેક્ષાઓ બહેકી ગઈ ?

જે આ વ્યવસાયમાં નથી એમના ગળે એકદમ ઉતરી જાય એવું વજૂદ વગરનું આ વૈચારિક પ્રદૂષણ છે.

સરકાર કાંઈ અધ્યાપકો પર એકદમ વરસી નથી ગઈ. અત્યારના આ સંકુલ વિશ્વમાં સરકારે પુનઃ વિદ્યાનું ગૌરવ કર્યું છે. અત્યાર સુધી આ વ્યવસાય એનું આકર્ષણ અને ગરિમા ગુમાવી રહ્યો હતો. જે ખરેખર બુદ્ધિશાળી, પ્રતિભાવંત યુવાનો છે એ એક સમયના ચોક, ડસ્ટરના આ બ્રાહ્મણિયા વ્યવસાયમાં આવવાનું પસંદ નહોતા કરતા. એ મલ્ટીનેશન કંપનીમાં કે કોર્પોરેટ વર્લ્ડ સાથે ના જોડાય કે આમાં આવે. આઈ.આઈ.એમ., અમદાવાદમાં જ્યારે પ્લેસમેન્ટ કેમ્પેઈન યોજાય છે ત્યારે ભણીને હજુ બહાર પણ નથી આવ્યા એવા પ્રતિભાવંત માનસોને (mindsને) કંપનીઓ અધધ પગાર અને સવલતો આપીને પોતાની કંપનીમાં નોકરીએ લઈ લે છે... આઈ.આઈ.એમ. તો હિમશીલાના ટોપકાં જેવું છે. આપણી જાણ બહાર કેટકેટલી કંપનીઓ સારા સારા આશાસ્પદ યુવાનોને પોતાના તરફ વાળી દેતી હશે. આ એક વિચાર માગી લેતો મુદ્દો છે.

હવે અધ્યાપનનો વ્યવસાય પણ પડકારરૂપ અને આકર્ષક બન્યો છે. દૂરથી મનમોહક સંગીત સૂરાવલી છેડીને દરિયો ખેડી રહેલા ખલાસીઓને પોતાના તરફ આકર્ષી રહેલો સર્સીયન આઈલેન્ડ બની રહ્યો છે.

ને હવે નક્કી કરેલો અભ્યાસક્રમ પૂરો કરી દીધો, એક કર્મકાંડ આટોપી દીધે બધું પતી જતું નથી. આ ક્ષેત્રે નવા નવા પરિવર્તનો આવી રહ્યા છે. એનો અમલ પણ થવા માડ્યો છે. ધીમે પણ નક્કર પગલે બધું બદલાઈ રહ્યું છે. સેમેસ્ટર તો જાણે આવી ગયું. ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સીસ્ટીમના અમલીકરણના પડઘમ પણ સંભળાઈ રહ્યા છે. જેમને બદલાવવું જ નહોતું, અકર્મણ્યતાના જાડયમાં જ રહેવું હતું એમને પણ સળવળવાની ફરજ પડી છે. શિક્ષણ ક્ષેત્રે લાગે છે કે એક વિરાટ ડિસ્ટીલેશન આરંભાઈ ચૂક્યું છે. વૈશ્વિક પડકારોને ઝીલવા, ઉજળી આવતીકાલ સર્જવા શિક્ષણ જગતના અદૃષ્ટ દેવતાઓ કટિબદ્ધ બન્યા છે. એ મને તમને આપણા જેવા બીજાને કરણ તરીકે પ્રયોજે છે. આપણે બધા આ પ્રક્રિયામાં મૂકાઈ ગયા છીએ.

ગઈકાલે જે અસંભવિત લાગતું હતું એ આજે સ્વાભાવિક બની રહ્યું છે. ગઈકાલની માન્યતાઓ, પદ્ધતિઓ આજે જૂનવાણી લાગવા માંડી છે ને આવતીકાલે તો એ અપ્રસ્તુત બની જવાની છે. આ સમયની માગને જે સમજી શકતું નથી, જે નમનીયતા અને સત્યનિષ્ઠા દાખવીને આ વિરાટ પ્રક્રિયાને અનુકૂળ નથી બની શકતું તે ફેંકાઈ જાય છે.

ગુરુકુળમાં કુલગુરુ વિદ્યાના અર્થીઓને કહેતાઃ मातृदेवो भव... पितृदेवो भव... आचार्यदेवो भव... એમ આજે વૈશ્વિકરણના સમયમાં ૨૧મી સદીના પહેલા દાયકાના અંતે આપણા હૃદયસ્થ કુલગુરુ આપણને જરૂર કહે : स्वाध्यान्न प्रमदितव्यम् । स्वाध्याय प्रवचनाभ्याम् न प्रमदितव्यम् । छात्र-देवो भव ।

આ ધ્યેયમંત્રો આજે એકદમ પ્રસ્તુત છે. પરંતુ આ જ વાત સતી લોયણ અદ્ભુત સરળ રીતે ગાય છે :

જી રે લાખા ! બ્રહ્મમાં ભળવું હોય તો હેત વધારો જી હો જી; અને મનના પ્રપંચને મેલો રે હાં !

**- પરમ પાઠક**

**Department of Social Work, Sardar Patel University,** had organized **H.R. Convention** on 13th December, 2009 on "**Role of H.R. in Globalization**". The chief guest at the event had been the Hon'ble Shri Saurabhbhai Patel-Minister for State-Civil Aviation, Industry & Energy. On this occasion Brochure for the job placement was also released by the Hon'ble Minister. The welcome speech had been delivered by the I/C Director-Department of Social Work- Dr. (Mrs.) Bigi Thomas, while the theme prelude had been conveyed by the Course Co-ordinator-MHRM Ms. Shivani Mishra. The key note address had been delivered by Dr. Maganbhai Parmar-Head, Faculty of Social Work, M. S. Univerisity, Baroda. Vote of Thanks had been conveyed by Mrs. Unnati Shah and concluding remarks by Ms. Poonam Singh.

The technical sessions were comprised of eminent speakers like Dr. Ankur Saxena, Reader, Faculty of Social Work, M.S. University, Baroda, Mr. Nilesh Pendharkar, M.D., Vrunda Consultancy, Mr. Shreedhar Kantharia, Sr. H.R. Manager, Alembic Pharma, Mr. Amit Sharma, D.G.M.-H.R., Zydus Cadila, who had given informative and invigorating speech on themes like Role of H.R. in Merger & Acquisition, Lean Management, Plant H.R., Leadership H.R., and Globalization respectively. Valedictory function was addressed by Mr. P. Y. Mulay, D.G.M. Shroffs Engineering and Mr. Pankaj Sanwal, Head, Zaveri Securities, Baroda.

**એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**ના સુવર્ણજયંતિ વર્ષ અને સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના ભાગરૂપે સંસ્થાના નિવૃત્ત આચાર્ય ડૉ. કિશોરભાઇ એમ. શાહનું **'માધ્યમિક શિક્ષણ અભ્યાસક્રમના આધારસ્થંભોઃ આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર'** વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું.

પ્રસ્તુત વ્યાખ્યાન અંતર્ગત અતિથિવક્તા ડૉ. કે. એમ. શાહે ''માધ્યમિક શિક્ષણઅભ્યાસક્રમના આધાર સ્થંભોઃ આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર'' વિષય અન્વયે જણાવ્યું હતં કે શિક્ષણનો ખરો અર્થ તો વ્યક્તિ શિક્ષણ લીધા પછી સાંગોપાંગ પોતાની જીવનશૈલીમાં જે તે કૌશલ આત્મસાત્ કરે તે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ડી. જી. પટેલે કર્યું હતું.

આ જ કોલેજ ખાતે તા. ૧૮-૧૨-૨૦૦૯ના રોજ સ્વર્ણિમ ગુજરાત અને 'સુવર્ણ જયંતિ વર્ષ' (૧૯૬૦-૨૦૧૦)' અંતર્ગત કોલેજના પ્રશિક્ષણાર્થીઓ માટે **'પાઠ સ્પર્ધા'**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાની પૂર્વ તૈયારી રૂપે પ્રત્યેક વિષયવસ્તુ પદ્ધતિમાંથી એક પ્રશિક્ષણાર્થી એમ કુલ ૯ પ્રશિક્ષણાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. અધ્યાપકોની ટીમમાં ડૉ. નીપાબેન ભરૂચા (સંયોજક), ડૉ. જે. બી. પટેલ, ડૉ. અલકાબેન મેકવાન તથા પ્રા. દિપાલીબેન મહીડાએ પ્રવૃત્તિનું આયોજન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.

આ દિવસે શ્રી ગો. જો. શારદા મંદિર શાળામાંથી ધો. ૯-કની વિદ્યાર્થિનીઓને પ્રશિક્ષણાર્થીઓના **'વર્ગ શિક્ષણ કાર્ય'** માટે અત્રે કોલેજમાં લાવવામાં આવી હતી. પ્રત્યેક પાઠ ૩૦ મિનિટનો એમ કુલ ૯ પદ્ધતિઓ (ગુજરાતી, ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાન, વાણિજ્ય વ્યવસ્થા, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, હિન્દી)માં સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૫૦ સુધી વર્ગ શિક્ષણ કરવામાં આવ્યું.

આ સમગ્ર 'પાઠ સ્પર્ધા'માં ડૉ. રસીદાબેન દિવાન, ડૉ. જે. બી. પટેલ, પ્રા. જયશ્રીબેન દવે અને પ્રા. દીપાલીબેન મહીડાએ નિર્ણાયક તરીકેની સેવા આપીને શ્રેષ્ઠ પાઠોને બિરદાવ્યાં હતાં. વિજેતા થનાર પ્રશિક્ષણાર્થીઓ અનુક્રમે કુ. પીનલબેન મિસ્ત્રીઃ ગણિત - પ્રથમ, શ્રી વિશાલકુમાર પરમારઃ અંગ્રેજી- દ્વિતીય, શ્રી સુનીલકુમાર રાજપૂતઃ વાણિજ્ય વ્યવસ્થા- દ્વિતીય અને રેન્સી મેકવાનઃ અર્થશાસ્ત્ર- તૃતીય હતાં.

આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત **શ્રી જશભાઇ મોતીભાઇ પટેલ આર્ટ્સ કોલેજના સંસ્કૃત વિભાગ** દ્વારા 'સ્વર્ણિમ ગુજરાત'ના ઉપક્રમે, કોલેજના કા. આચાર્ય શ્રી વિપુલભાઇ એમ શ્રીમાળીની અધ્યક્ષતામાં તથા પી.જી. સ્ટડીઝ સેન્ટરના સંયોજકશ્રી ડૉ. કાન્તિલાલ દવેના અતિથિવિશેષપદે તાજેતરમાં **વિદ્યાર્થીલક્ષી સેમિનાર**નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સેમિનારમાં કુ. નીલમ પારેખ, કુ. નીતા પટેલ, કુ. શકુંતલા બારોટ, કુ. વૈશાલી પટેલ વગેરેએ 'તત્ત્વમસિ', ઉપનિષત્સાહિત્ય, મહાકાવ્યનું સ્વરૂપ, લક્ષણા, કાલિદાસનું પ્રકૃતિનિરૂપણ જેવા વૈવિધ્યપૂર્ણ વિષયો પર પોતાના વિચારો અભિવ્યક્ત કર્યા હતા. પ્રા. દિવ્યા પટેલે પોતાના પ્રતિભાવમાં સહભાગી વિદ્યાર્થીઓને અભિનંદન આપી, કેટલાંક ઉપયોગી સૂચનો કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશિષ પુરોહિતે અને આભારદર્શન કુ. નીલમ પારેખે કર્યું હતું.

**Department of Social Work, Sardar Patel University** Jr. MHRM students did **rural camp-project on water management** from 19-12-2009 to 23-12-2009 in different villages of Khambhat taluka.

Main purpose of this project was to collect information regarding water management, to aware the villagers and to make them understand the importance of water resources.

With respect to this project in Khambhat taluka, different villages were selected like Vadgam, Vainej, Navagam, Rohini, Pandad, Navi Akhol and Tada Talav on the following subjects of water management; viz Availability of drinking water,

Role of panchayatiraj in water management, Water and health, Livelihood and its effects. Related to this sub-topics, students performed rally, skit, video/multimedia presentation and also conducted survey for solution of problem relating water.

Students could complete this rural camp successfully with the guidance and co-operation of Shri Jinabhai S. Patel (Sarpanch, Vadgam) and the sarpanch of other villages.

➢ **અનુસ્નાતક હિન્દી વિભાગ**ના યજમાન પદે સીવીએમ સંચાલિત નલિની-અરવિંદ કોલેજના સહયોગથી ઈન્ડિયન સોસાયટી ફોર થિયેટર રિસર્ચ દ્વારા તારીખ ૭મી થી ૯મી જાન્યુઆરી ૨૦૧૦ દરમ્યાન આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ. જેનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી ડૉ. બી.જી પટેલના હસ્તે થયું. આ પ્રસંગે વડાશ્રી ડૉ. નવનીત ચૌહાણે સ્વાગત પ્રવચન કરી આયોજનની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. વિદેશી વિદ્વાન પ્રો. કિમ યુન ચેલે ઉદ્‌બોધન કરી રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સ્તરે રંગમંચની ચર્ચા કરી અને અતિથિ વિશેષ પ્રો. સિતાંશુ યશશ્ચંદ્રે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. **'ભારતીય રંગમંચ-સમાલોચના ઔર લેખન : રાષ્ટ્રીય ઔર આંતરરાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય મેં'** વિષય ઉપર આયોજીત આ કોન્ફરન્સમાં વિવિધ ભાષાઓના શોધપત્રો રજૂ કરાયા હતા અને વિષયને લગતી ચર્ચાઓ થઈ. ત્રણ દિવસ દરમ્યાન અલગ-અલગ ભાષાઓમાં ત્રણ નાટકોની રજૂઆત પણ થઈ હતી. આ કોન્ફરન્સમાં મોટી સંખ્યામાં ભારતના તેમજ ભારત બહારના ૧૪ દેશોના પ્રતિનિધિઓ, પ્રતિભાગિઓ, રંગકર્મીઓ ખાસ હાજર રહ્યા હતા.

➢ **The Post Graduate Department of Economics**, Sardar Patel University organized a One Day Workshop on "**Status and issues in Human Development in the Dangs District of Gujarat**" on January 20, 2010. The inaugural function was chaired by Hon. Vice-Chancellor, Sadar Patel University, Dr. B.G. Patel. Shri G.K. Vyas, Director, Human Development, Government of Gujarat was the Chief Guest on this occasion. About seven papers on various issues concerning human development in the Dangs district of southern Gujarat were presented at the Workshop. The two technical sessions of the Workshop were chaired respectively by Prof. Amrapali Merchant from the Department of Sociology and Prof. Manjari Acharya from the Department of Home Science.

It is noteworthy that, the Sardar Patel University has been entrusted with the responsibility of preparing the District Human Development Report (DHDR) of the Dangs district, through an MoU, by the Government of Gujarat. An interdisciplinary team of resource persons, consisting of faculty members from different Departments of the University, like Economics, MSW, GH Patel School of Business Management, Agro Economic Research Centre etc. is working on the preparation of the report. The purpose of this Workshop was to sensitize the participants about the importance of the concept of human development and also to discuss the issues and outcomes of the DHDR report with the varied audience, in order to get their feedback and opinions on the conclusions that were drawn. To this effect, the Workshop was a great success.

➢ તારીખ ૩૧-૧૨-૨૦૦૯ના રોજ **એલ્યુમની એસોસિએશન ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ** દ્વારા **એક દિવસીય સેમિનાર**નું આયોજન કરવામાં આવ્યું હતું. **'Digital Libraries: Opportunities & Challenges'** વિષયક આ સેમિનાર ડૉ. બી.જી. પટેલ કુલપતિશ્રી સરદાર પટેલ યુનિવર્સિટીની અધ્યક્ષસ્થાને તથા આંતરરાષ્ટ્રિય તજજ્ઞ પ્રો. આર. એસ. આર. વારાલક્ષ્મીના મુખ્ય મહેમાન પદે યોજાયો હતો.

આંતરરાષ્ટ્રિય તજજ્ઞ પ્રો. વારાલક્ષ્મીએ તેમના કી-નોટ પ્રવચનમાં જણાવ્યું કે આધુનિક ડીજીટલ પરિપ્રેક્ષ્યમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વ્યવસાય અને વ્યાવાસાયિકો સામે કયા કયા પડકારો ઉભા થાય છે. અને તે સાથે તેને કેવી રીતે વિવિધ કૌશલ્યોમાં કેળવી શકાય તે અંગે મનનીય પ્રવચન આપ્યું હતું.

ત્યારબાદ પ્રથમ ટેકનિકલ સેશન શરુ કરવામાં આવી હતી. જેમાં શ્રી શૈલેષ યાજ્ઞિક, ચીફ લાઈબ્રેરીયન, માઈકા (Mudra Institute of Communication, Ahmedabad) તથા ડૉ. ટી.એસ. કુમ્બાર, લાઈબ્રેરીયન (Dhirubhai Ambani Institute of Information Technology, Ahmedabad) દ્વારા વક્તવ્યો રજૂ કરાયાં હતાં.

ડીજીટલ લાઈબ્રેરીના સંદર્ભમાં ગ્રંથાલયોની બદલાતી જતી ભૂમિકાઓને ગ્રંથાલય સેવાના સંદર્ભમાં તેમજ ટેક્નોલોજીની વિવિધતાઓની રજૂઆતો શ્રી શૈલેષ યાજ્ઞિકે કરી હતી. ડૉ. કુમ્બારે ગ્રંથાલય અને માહિતી વ્યાવસાયિકો જરુરી ટેકનીકલ સજ્જતાઓને કેવી રીતે અપનાવી શકે તે માટે DA-IICT ના પ્રત્યક્ષ ઉદાહરણો સાથે વિસ્તારપૂર્વક સમજણ આપી હતી.

ભોજન વિરામ બાદ બીજી ટેકનીકલ સેશનમાં વિભાગના વ્યાખ્યાતા શ્રી નિમેષ ઓઝાએ સેમિનારના સંદર્ભે ડિજીટલ લાઈબ્રેરીના ચાર પ્રકાર પૈકી 'ઈન્સ્ટીટ્યુશનલ રીપોઝીટરી'ની સમજણ આપી હતી. ત્યારબાદ પ્રશ્નોતરી યોજવામાં આવી હતી. હાજર રહેલા તમામ નિષ્ણાતોએ ગ્રંથાલય વ્યાવસાયિકોના વિવિધ પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા.

એક દિવસીય સેમિનારમાં સમગ્ર રાજયમાંથી લગભગ ૨૦૦ જેટલાં વ્યાવસાયિકો ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતાં.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** ખાતે **'સર્ટિફિકેટ કોર્સ ઈન પ્રેક્ટીસીંગ બિઝનેસ એથીકસ'**નો સમાપન

સમારોહ તાજેતરમાં યોજાયો હતો. આ કોર્સનો આરંભ જુલાઈ ૨૦૦૯થી થયો હતો. સમગ્ર કોર્સનું સંચાલન એક્સેલ ઈન્ડ્રસ્ટીઝના ચેરમેન શ્રી જી નારાયણન દ્વારા કરવામાં આવ્યું હતું. આ કોર્ષમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં બીકોમ, બીબીએ, બીસીએ, બીબીએ આઈટીએમના ૧૦૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** દ્વારા અને એલીકોન ગૃપ કંપનીઝના સહયોગથી કોલેજ દ્વારા સળંગ ૧૨માં વર્ષે એલીકોન **બેસ્ટ બિઝનેસ આઈડિયા સ્પર્ધા** યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કોલેજની દરેક શાખાના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. અને ૬૧ ટુકડીઓએ પોતાના બીઝનેસ આઈડીયાની નોંધણી કરાવી હતી. આ વિદ્યાર્થીઓને કાર્યશિબિર ટ્રેઈનિંગ આપી હતી. જેમાં કેવા બિઝનેસ પ્લાનની પસંદગી કરવી, કેવી રીતે પ્લાન લખવો, નાણાકીય બાબત જેવા ટોપીકનું માર્ગદર્શન પુરુ પાડ્યું હતુ. અને છેલ્લી પસંદગીમાં ૧૪ ટીમોની પસંદગી કરવામાં આવી હતી, તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ એલીકોન બેસ્ટ બીઝનેસ આઈડીયાની ફાઈનલ હરીફાઈ યોજાઈ હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે એલીકોન ગૃપના વાઈસ પ્રેસીડન્ટ શ્રી એચ. સી. શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. આઈ. સી. ગુપ્તા, ડૉ. આઈ. વી. ત્રિવેદી, ડૉ. રમેશ મંગલ, મિ. રીકી ગાંધી, મિ. એ. જે. ભટ્ટ, ડૉ. અમિતા કાંટાવાલા અને ડૉ. મહાદેવ પટેલે પોતાની સેવાઓ આપી હતી. આ સ્પર્ધામાં કુલ ૧૪ પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે આ સ્પર્ધામાં અરીબાસ અને જીસેટની ટીમે પણ ભાગ લીધો હતો. વલય પટેલ એન્ડ ગૃપના દૂર દૃષ્ટિ, નિમિત મહેતા એન્ડ ગૃપના ઈકો જેનીટર, જયમીન પટેલ એન્ડ ગૃપના એરો પ્લાનટેશન અને કેવીન પારેખના ગ્રુપ ઈયુજેનીક્સ પ્રોજેક્ટને બેસ્ટ બિઝનેસ આઈડીયાના એવોર્ડ આપવામાં આવ્યા હતા. દરેક વિજેતા ટીમને રૂા. ૨૫૦૦૦/-નું રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું હતું.

➢ **એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**ના અર્થશાસ્ત્ર-વાણિજ્ય પદ્ધતિના **પ્રશિક્ષણાર્થી શ્રી વિપુલભાઈ આર. વાળંદ**ને 'યોજના : આયોજન અને વિકાસને સમર્પિત' સામયિકમાં તેમના પ્રસિદ્ધ થયેલા લેખ 'બાળ ઉછેરમાં ખ્યાલમાં રાખવાની બાબતો' માટે રૂા. ૫૦૦/- નું રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય બિલીમોરાથી પધારેલ વિજ્ઞાનપદ્ધતિના વ્યાખ્યાતા ડો. કિશોર નાયકનું **'શિક્ષક કેવો હોવો જોઈએ'** એ અંગે વ્યાખ્યાન ગોઠવાયું હતું.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલતિ **વે-મેઈડ કોલેજ ઓફ એજ્યુકેશન** દ્વારા B. Ed. Advanced ના અભ્યાસની સુધારણા અંગે પરિસંવાદ યોજાયો હતો.

સમયના પ્રવાહ સાથે B. Ed.ના અભ્યાસક્રમનું માળખું તથા તેમાં સમાવિષ્ટ પાઠ્યબિંદુઓનું નવીનીકરણ કરી અભ્યાસક્રમને વધુ વિદ્યાર્થીભોગ્ય, વ્યવસાય અને જીવન વ્યવહારુ બનાવવાનો આ પરિસંવાદનો ઉદ્દેશ હતો. આ પરિસંવાદમાં કોલેજના શિક્ષકગણ દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા B. Ed. Advanced અભ્યાસક્રમનાં પાઠ્યબિંદુઓની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે NAAC સમિતિના સભ્ય અને Central Advisory Committee, Ministry of Human Resource Development ના નિષ્ણાંત ડૉ. એમ. આર. નિમ્બાળકર પણ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવ દ્વારા અભ્યાસક્રમને વધુ સુગ્રંથિત અને અદ્યતન બનાવવા ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. નવા અભ્યાસક્રમોમાં Open Book Examination, Educational Technology and Other Soft Skills for Teachers, Media Invasion ઈત્યાદિ અનેક નૂતન પ્રવાહોને સંલગ્ન પાઠ્યબિંદુઓને સમાવેશ કરવામાં આવ્યો હતો.

➢ **Dr. Raju M. Rathod**, P.G. Department of Business Studies attended Annual Global Conference on Entrepreneurship and Technology Innovation organized by SIDBI Incubation center of Indian Institute of Technology (IIT)-Kanpur, National Entrepreneurship Network and RPI Renssel Area Polytechnic Institute-USA, during 16-18 January 2010 at IIT-Kanpur.

He presented a paper on "A Study of Innovative Practices Initiated by Entrepreneurs and its Impact on Performance of Manufacturing Industries of Gujarat" based on UGC-Minor research done by him.

**Dr. Raju Rathod** delivered a Guest Lecture on "Innovative practices in Indian Corporation" at Gandhinagar Institute of Technology, MBA Programme on 30th January 2010.

**Dr. Raju Rathod** delivered a Guest Lecture on "Dynamics of Entrepreneurship Development" at V. Z. Patel Commerce College, Anand on 31-12-2009.

**Dr. Raju Rathod** presented a paper on "Corporate Governance Disclosure Practices in Indian Banking Sector" at One Day National Seminar organized by Business Studies Department on 29-1-2010.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં સ્વર્ણિમ ગુજરાત યુવા સપ્તાહ ઉજવણી અંતર્ગત શૈક્ષણિક ટેકનોલોજી ફિલ્ડ અન્વયે **'અધ્યયન-અધ્યાપનકાર્યમાં ટ્રાન્સપરન્સીનો અસરકારક વિનિયોગ'** સંદર્ભે સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજના વિદ્યાર્થીઓ માટે સેમિનાર કમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં

સુવિધા મહિલા બી.એડ્. કોલેજ, હેડુવા (મહેસાણા)ના અધ્યાપક ફાલ્ગુનીબેન ગજ્જરે તજ્જ્ઞીય સેવા આપી હતી. કોલેજમાં કાર્યરત જ્ઞાનધારા અંતર્ગત આયોજિત આ સેમિનારમાં ફાલ્ગુનીબેન ગજ્જરે વિવિધ ટ્રાન્સપરન્સી જેવી કે સરળ, વર્તુળ (સર્કલ), ઓવરલેપીંગ અને ટ્રેન એમ અનેક વિષય સંદર્ભે ઉદાહરણો આપી સમજાવી હતી અને ઓ.એચ.પી. વડે નિદર્શન કરી વિવિધ ટ્રાન્સપરન્સીનો અસરકારક વિનિયોગ કઈ રીતે કરી શકાય તેનું માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ તમામ તાલીમાર્થીઓને જૂથમાં વિભાજીત કરી તેમને વિવિધ ટ્રાન્સપરન્સી કેવી રીતે બનાવવી તેની વર્કશોપ અંતર્ગત તાલીમ આપવામાં આવી હતી.

➢ **અનુસ્નાતક ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગને 'ઈનોવેટીવ પ્રોગ્રામ' અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા રૂા. ૪૫.૨૫ લાખનું અનુદાન** ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦માં પ્રાપ્ત થયેલ છે. તે અન્વયે વિભાગ દ્વારા જૂન-૨૦૦૯થી પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન લાઈબ્રેરી નેટવર્કીંગ એન્ડ ડીજીટલ ટેક્નોલોજીનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જે સમગ્ર ભારતભરની યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાનો આ પ્રકારનો સર્વ પ્રથમ અભ્યાસક્રમ છે. જે આજના જ્ઞાન-આધારિત સમાજની જરૂરિયાતના સંદર્ભમાં ગ્રંથાલય અને માહિતી કેન્દ્રોની બદલાતી જતી ભૂમિકા નિભાવવા જરૂરી કૌશલ્ય સંપાદન માટે અતિ આવશ્યક અભ્યાસક્રમ છે.

તાજેતરમાં વિભાગ દ્વારા 'પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન લાઈબ્રેરી નેટવર્કીંગ એન્ડ ડીજીટલ ટેક્નોલોજી'ની પ્રથમ બેચના વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રિય કક્ષાનું માર્ગદર્શન મળી રહે તે હેતુસર યુજીસીના ઈલેવન્થ પ્લાન પ્રોગ્રામ હેઠળ પ્રોફેસર આર.એસ.આર. વારાલક્ષ્મી, પ્રોફેસર અને અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ લાઈબ્રેરી સાયન્સ, વિશાખાપટ્ટનમના વિશિષ્ટ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સ અને એમ. ફીલના વિદ્યાર્થીઓને સંશોધનમાં માર્ગદર્શન મળી રહે તે માટે સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્ર વિષયક વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

➢ **એકેડેમિક સ્ટાફ કોલેજ,** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા કોલેજ અને યુનિવર્સિટી અધ્યાપકોના સર્વાંગી વિકાસ માટે તા. ૧-૨-૨૦૧૦ થી ૨૮-૨-૨૦૧૦ દરમ્યાન ઓરીએન્ટેશન પ્રોગ્રામ અને તા. ૦૮-૨-૨૦૧૦ થી તા. ૨૮-૨-૨૦૧૦ દરમ્યાન **રીફ્રેશર કોર્ષ ઈન રીસર્ચ મેથોડોલોજી (સોશીયલ સાયન્સીસ)**નું આયોજન થયું હતું.

## Research

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે.વી.એમ. કોલેજ**ના પ્રાધ્યાપક **શ્રી કલ્પેશ એચ. શાહ,** ''વોકેશનલ કોર્સ''ને સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા **Ph.D. ની પદવી** એનાયત કરવામાં આવી છે.

શ્રી કલ્પેશ એચ. શાહે Department of Business Studiesના પ્રાધ્યાપક ડૉ. પિનાકીન આર. શેઠના માર્ગદર્શન હેઠળ ''Role of EDII and GIDC in the Development of Entrepreneurship in the Selected District of Gujarat'' વિષય ઉપર Ph.D. નિમિત્તે સંશોધન કર્યું છે.

➢ **વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હી**એ સંશોધન અને વિકાસને ઉત્તેજન મળે તે હેતુથી સરદાર પટેલ યુનિવર્સિટીના **અનુસ્નાતક અંગ્રેજી વિભાગ** તથા **અનુસ્નાતક મટીરીયલ્સ સાયન્સ વિભાગ**ને કુલ રૂા. ૧૩૦.૫૦ લાખનું અનુદાન મંજૂર કરેલ છે.

**અનુસ્નાતક મટીરીયલ્સ સાયન્સ વિભાગને Centre for Advance Study (CAS) ના બીજા ફેઝ** માટે તા. ૧-૪-૨૦૦૯થી ૩૧-૩-૨૦૧૪ના પાંચ વર્ષના સમયગાળા માટે આવર્તક તથા અનાવર્તક હેતુઓ માટે કુલ રૂા. ૧૦૬.૦૦ લાખનું અનુદાન મંજૂર કરેલ છે. જ્યારે **અનુસ્નાતક અંગ્રેજી વિભાગના Special Assistance Programme (SAP) ના બીજા ફેઝ** માટે તા. ૧-૪-૨૦૦૯ થી ૩૧-૩-૨૦૧૪ના પાંચ વર્ષના સમયગાળા માટે આવર્તક તથા અનાવર્તક હેતુઓ માટે કુલ રૂા. ૩૦.૫૦ લાખનું અનુદાન મંજૂર કરેલ છે.

## Governance

➢ **નવી નિમણૂંક**

- **શ્રી પરાગકુમાર એન. વૈદ્ય**ની યુનિવર્સિટી ઇજનેર તરીકે બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂંક કરવામાં આવી છે. અભિનંદન.

- **ડૉ. શિરીષ એચ. શ્રીવાસ્તવ** (પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ)ની **મેડિસીન વિદ્યાશાખાના અધ્યક્ષ** તરીકે નિમણૂંક કરવામાં આવી છે. અભિનંદન.

- **ડૉ. પી. કે. રાઠોડ,** પ્રોફેસર, અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગની નિમણૂંક એ **વિભાગના વડા** તરીકે ૨ માર્ચ ૨૦૧૦થી ૧ માર્ચ ૨૦૧૫ સુધી કરવામાં આવી છે. અભિનંદન.

➢ **વયોચિત નિવૃત્તિ**

યુનિવર્સિટીના કુલસચિવ **શ્રી ડૉ. બી. નટરાજ** ૧૮ જૂન ૨૦૧૦ના રોજ ૬૨ વર્ષ પૂરા કરી રહ્યા છે. નિયમાનુસાર તેઓ ૩૧ ઓક્ટોબર ૨૦૧૦ના રોજ ઓફિસ સમય બાદ વયોચિત નિવૃત્ત થશે. એમને યુનિવર્સિટી પરિવાર મિલન વિદાય (ફ્રેન્ચમાં *ઓરોવાર*) પાઠવશે.

➢ **નવો સંશોધન પ્રોજેક્ટ પ્રાપ્ત થયો**

આપણી યુનિવર્સિટીની બી. આર.ડી. સ્કૂલ ઑફ બાયોસાયન્સીસના **પ્રોફેસર ડૉ. દત્તા મદામવાર**નો રીસર્ચ પ્રોજેક્ટ ભારત સરકારના મિનિસ્ટ્રી ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેકનોલોજી (DBT), ન્યુ દિલ્હીએ મંજૂર કર્યા છે. આ માટે રૂા. ૬૧,૩૨,૦૦૦/- રૂા.નું અનુદાન પણ મંજૂર કર્યું છે. ડૉ. મદામવારના સંશોધન પ્રોજેક્ટનો વિષય છે : Metagenome analysis for metabolic pathways present in activated biomass at Common Effluent Treatment Plant (CETP). અભિનંદન.

## પ્રતિનિયુક્તિ

સરદાર પટેલ યુનિવર્સિટીના ડેપ્યુટી રજિસ્ટ્રાર **ડૉ. હરીશ દેસાઈ**ની ગુજરાત સરકારે **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના રજિસ્ટ્રાર** તરીકે પ્રતિનિયુક્તિ કરી છે. એમણે ૨૧ ડિસેમ્બર ૨૦૦૯થી કાર્યભાર સંભાળી લીધો છે. એમને અભિનંદન.

## નવું નામકરણ

- સંકેત ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ, સોશ્યલ સાયન્સ એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ (નવું)
- સંકેત ઇન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ (જૂનું)
- શ્રીમતી કમલબેન પી. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઑફ ફિઝીયોથેરાપી (નવું)
- શ્રીમતી કમલાબેન પી. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઑફ ફિઝીયોથેરાપી એન્ડ ઓક્યુપેશન થેરાપી (જુનું)

## નવી નિમણૂંકો

- **મેનેજમેન્ટ અભ્યાસ સમિતિના અધ્યક્ષ**

**ડૉ. એચ. જે. જાની**, પ્રોફેસર, અનુસ્નાતક એમ.બી.એ. વિભાગ (૩૦, સપ્ટે. ૨૦૧૦ સુધી)

- **અનુસ્નાતક બિઝનેસ એડમિનિસ્ટ્રેશન વિભાગ નિયામક તથા એન. આર.આઇ. પ્રોગ્રામ અને સેલ્ફ ફાઇનાન્સના કો-ઓર્ડિનેટર**

**ડૉ. એચ. જે. જાની**, પ્રોફેસર, અનુસ્નાતક એમ.બી.એ. વિભાગ (૫ મે ૨૦૧૦ થી ૨ નવે. ૨૦૧૨ સુધી)

- **કોમ્પ્યુટર સાયન્સ અભ્યાસ સમિતિ અધ્યક્ષ**

**ડૉ. ડી. બી. ચોકસી**, ડિરેક્ટર, અનુ. કોમ્પ્યુટર સાયન્સ વિભાગ (૧ ફેબ્રુ. ૨૦૧૦ થી ૩૧ જાન્યુ. ૨૦૧૩ સુધી)

### સેમકોમ કોલેજ નેક ઍક્રેડિટેશનમાં 'A' ગ્રેડ સાથે સર્વોચ્ચ સ્થાને

ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર સંચાલિત ગુજરાતની ખૂબ જ ખ્યાતનામ કોલેજ સેમકોમ કોલેજને ભારત સરકારના યુજીસી માન્ય નેક ઍક્રેડિટેશનના પરિણામો જાહેર થતા ૩.૧૮ માર્ક્સ સાથે 'A' ગ્રેડની કોલેજ જાહેર કરવામાં આવેલ છે. નેક કમિટી દ્વારા ૩૧ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ જાહેર કરવામાં આવેલ પરિણામોમાંથી સમગ્ર ભારતની ૭૫ કોલેજમાંથી સર્વાધિક માર્ક્સ સાથે સર્વોચ્ચ સ્થાન મેળવવામાં સેમકોમ કોલેજ સફળ રહી છે. સેલ્ફ ફાઇનાન્સ કોલેજ તરીકે સ્થાપિત સંસ્થાઓમાં બાર વર્ષના ટૂંકાગાળાના નવીનતમ અભિગમ અને ઉચ્ચ માપદંડો સ્થાપીને ભારતભરમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

## Extension

**P. G. Department of Business Studies** organized **Debate Competition on "Whether Corruption can be Abolished or Not"**, on 12th December 2009. 16 participants took part in this competition. Prof. Manjariben Acharya of Home Science Department and Mr. Manish Solanki of English Department evaluated the performance of the students as Judges. Bhautik Patel of M.Com. (Final) got the First Rank. Kamal Agal stood Second and Third rank went to Kiran Rajput.

Dr. R. M. Joshi and Dr. Raju Rathod successfully coordinated this debate competition.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **વિ. પી. સાયન્સ કોલેજ**માં તા. ૪થી ડિસેમ્બર ૨૦૦૯ના રોજ સપ્તધારાના કાર્યક્રમ હેઠળ **'ક્રિએટીવ રાઈટીંગ અને પબ્લીક સ્પીકીંગ'** ધારા હેઠળ **'મારા સપનાનું ગુજરાત' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા**નું આયોજન કરાયું હતું.

પ્રથમ સ્થાને મનપ્રીત કૌર સિદ્ધા, દ્વિતીય સ્થાને નિરવ પટેલ તેમજ તૃતીય સ્થાને પ્રિયંકા જોશી રહ્યા હતા. આ જ દિવસે **'વિ.પી. લાફ્ટર ચેલેન્જ'** સ્પર્ધાનું આયોજન પણ કરાયું હતું. આ પ્રસંગે કુ. દિપાલી કડછાએ 'લાફ્ટર ચેલેન્જ' સ્પર્ધામાનાં બેસ્ટ પરફોર્મર તરીકે અભિવ્યક્તિ આપી હતી. નિર્ણાયકોમાં શ્રી લિંકન ચૌહાણ તેમજ શ્રીમતી સરોજ પંડ્યાએ સેવાઓ આપી હતી. કાર્યક્રમનું સંચાલન કુ. દિશા તેમજ કુ. ખુશ્બુએ કર્યું હતું.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે. વી.એમ. કોલેજ**માં તા. ૫-૧૨-૨૦૦૯ના રોજ ફોરમ ઑફ ફ્રી એન્ટરપ્રાઇઝ, મુંબઇ દ્વારા આયોજીત **એ.ડી. શ્રોફ મેમોરીયલ વક્તૃત્વ સ્પર્ધા** આચાર્યશ્રી એન. એલ. સંઘવીના પ્રમુખ સ્થાને યોજવામાં આવી હતી.

મુંબઇના અગ્રણી સ્વ. એ. ડી. શ્રોફની સ્મૃતિમાં આ સ્પર્ધા ગુજરાતની ફક્ત ૧૦ નામાંકિત કોલેજોને આપવામાં આવેલી, તેમાં બી.જે.વી.એમ.નો સમાવેશ થાય છે.

આ સ્પર્ધામાં ત્રણ વિદ્યાર્થીઓને ઇનામો અર્પણ કરવામાં આવ્યા હતા.

૧) જુહી શાહ - ટી.વાય.બીબીએ - રૂા. ૧૨૫૦/- રોકડા

૨) ઘનશ્યામ વઘાસીયા- બીબીએ - રૂા. ૭૫૦/- રોકડા

૩) પ્રિયંકા ઝેપે - ટી.વાય.બીબીબીએ- રૂા. ૫૦૦/- રોકડા

સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી પ્રા. ઉષાબેન સારડા, પ્રા. શ્રીમતી કલ્પનાબેન શ્રીવાસ્તવ તથા પ્રા. વાલીયાએ સેવાઓ આપી હતી.

આ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રૂપલબેન વોરાએ કર્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ તથા ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘ** દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર સંલગ્ન બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ માટે તા. ૧૩-૧૧-૦૯ને શુક્રવારના રોજ **"મારી કલ્પનાનું સ્વર્ણિમ ગુજરાત" વિષય પર** પેટલાદના પૂર્વ ધારાસભ્ય શ્રી સી.ડી. પટેલના મહેમાન પદે **એક દિવસીય સેમિનાર** યોજાયો.

મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત પૂર્વ ધારાસભ્ય શ્રી સી.ડી. પટેલે જણાવ્યું હતું કે આજે સમગ્ર વિશ્વમાં ગુજરાતી પહોંચ્યો છે, જેઓ ગુજરાતની સંસ્કૃતિ અને અસ્મિતાને સતત ઉજાગર કરતાં રહ્યાં છે તથા પોતે ગુજરાતી હોવાનો ગર્વ અનુભવે છે. ગુજરાતની સ્થાપનાને ૬૦માં વર્ષે આજે સમગ્ર ગુજરાતીઓ ગૌરવ લઇ શકે તેવો વિકાસ થયો છે. જેમાં ખાસ કરીને યુવાવર્ગ ગુજરાતના વિકાસમાં આગળ આવે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ સેમિનારમાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ બી.એડ્. કોલેજના ૫૬ તાલીમાર્થી ભાઈ બહેનોએ પોતાના પેપર રજૂ કર્યા હતા. જેમાં ચેરપર્સન તરીકે અનુસ્નાતક શિક્ષણ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના રીડર, ડૉ. એ.બી. કગથરા, એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદના આચાર્યશ્રી ડૉ. ડી.યુ. પટેલ તથા પેટલાદ એસ.આઇ. ઇપ્કોવાલા કોલેજ ઑફ એજ્યુકેશનના આચાર્યશ્રી ડૉ. અનિલભાઇ કાછીયા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી પૂર્વી કારપેન્ટર અને કૈલાસ સિંઘાએ કર્યું હતું.

આ જ કોલેજ તથા આણંદ કોલેજ ઑફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત તા. ૨-૧૨-૦૯ને બુધવારના રોજ **સ્વશક્તિકરણ કાર્યશિબિર**નું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના અતિથિ વિશેષશ્રી બ્રહ્માકુમારી ગીતાબેને સૌને આશીર્વચન પાઠવ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય મહેમાન વક્તા બ્રહ્માકુમારી વિજયાબેને જણાવ્યું કે સારા શિક્ષક બનવા માટે સારા વિદ્યાર્થી બનવું પડશે. આજે બધા ભૌતિક સમૃદ્ધિથી ભરેલા છે પણ આંતરિક શક્તિથી ખાલી છે, કર્તવ્યથી ક્યારેય આપણે વિખૂટા ન પડવું જોઇએ.

આજ કોલેજ તથા **સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘ** દ્વારા **રાજ્યકક્ષાનો** બી.એડ્. કોલેજના અધ્યાપક તથા તાલીમાર્થીઓ માટે તા. ૨-૧૧-૦૯ને શનિવારના રોજ **"શાંતિ માટેનું શિક્ષણ" વિષય પર** શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદના માનદ્મંત્રીશ્રી શ્રીમતી જ્યોત્સનાબેન કે. પટેલના અધ્યક્ષસ્થાને **એક દિવસીય સેમિનાર** યોજાયો.

મુખ્ય મહેમાન શ્રી મહેશભાઇ યાજ્ઞિકે વસ્તી શિક્ષણ તથા પર્યાવરણ શિક્ષણની વિસ્તૃત ચર્ચા કરી હતી.

મુખ્ય વક્તા શ્રી બ્રહ્માકુમાર હરીશભાઇ શુકલએ અશાંતિ આપણા મનમાંથી જ પેદા થાય છે. સાથે શાંતિ પણ મનમાં જ છે, પરંતુ મનુષ્ય તેની શોધ બહાર કરે છે. આ શાંતિ પ્રાપ્ત કરાવવામાં શિક્ષણનો જ સૌથી મોટો ફાળો છે.

આ સેમિનારમાં રાજ્યકક્ષાની વિવિધ બી. એડ્. કોલેજના ૨૦૦ અધ્યાપક તથા તાલીમાર્થી ભાઇ બહેનોએ પોતાના પેપર રજૂ કર્યા હતા.

જેમાં ચેરપર્સન તરીકે અનુસ્નાતક શિક્ષણ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના પ્રો. ડૉ. પલ્લવીબેન પટેલ, અનુસ્નાતક શિક્ષણ વિભાગ, રીડર ડૉ. કે. એસ. લિખિયા, શ્રી બી.સી.જે. કોલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતના આચાર્યશ્રી ડૉ. રમેશભાઇ પંડ્યા અને આણંદ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદના કાર્યકારી આચાર્યશ્રી દિવ્યેશભાઇ એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

➤ **શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજ**માં ગુજરાતી વિભાગના ઉપક્રમે શ્રી જશકમલ વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ. મણિલાલ હ. પટેલનું **'સાહિત્યનું સર્જન અને આસ્વાદ'** વિષય પર વ્યાખ્યાન યોજાઇ ગયું. વક્તાશ્રી ડૉ. મણિલાલ હ. પટેલે 'સર્જક પોતાના સર્જનમાં અનુભવ જગતનું કલાત્મક રસાયણ કરીને સાહિત્યકૃતિમાં રૂપાંતર કરતો હોય છે.' એમ કહી સર્જનપ્રક્રિયાનો મહિમા કર્યો હતો. આસ્વાદ પ્રક્રિયાને સમજાવવા વિવિધ સાહિત્યરચનાઓના દૃષ્ટાંત આપ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. સુધાબેન રાઠવાએ કર્યું હતું.

➤ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે. વી.એમ. કોલેજ**માં તા. ૨-૧૨-૨૦૦૯ના રોજ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે એક સપ્તાહ ચાલનાર વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી. એલ. પટેલે કર્યું હતું. જ્યારે ઇન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રેનીયોરના પ્રમુખ (અમદાવાદ) હીનાબેન શાહે કી નોટ એડ્રેસ આપ્યું હતું.

હીનાબેન શાહે તેમના પ્રવચનમાં ઉદ્યોગોનું મહત્વ સમજાવી ઉદ્યોગો કેવી રીતે શરૂ કરવા અને તેની પ્રક્રિયાની વિધિ સમજાવી સર્વ ભાઇ બહેનોને પ્રોત્સાહીત કર્યા હતા.

➤ **Christian College of Management Studies (BBA Program)** organized **Career Counselling Session** for its first and second year BBA students on career opportunities in PG Diploma in Logistics & Retail Management in cooperation with GH Patel PG Institute of Business Management. Academic Counselor, Mona Patwa conducted one hour session on 17th December 2009.

➤ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં સતત ત્રણ વર્ષથી **"નોવેલ્સ ધી એન્ડ મેકિંગ કોન્ટેસ્ટ"**નું આયોજન થઇ રહ્યું છે. તા. ૧૪ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ આ હરીફાઇના અંતિમ તબક્કામાં પહોચેલા વિદ્યાર્થીઓ માટે એકદિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાના રિસોર્સ પર્સન તરીકે પ્રા. કમલ જોષી અને તેમના સહકાર્યકરોએ વિદ્યાર્થીઓને તાલીમ આપી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

પ્રો. જોષીએ વિદ્યાર્થીઓને વિજ્ઞાપન પ્રસાર માધ્યમને લગતા તમામ પાસાંઓનું નિરીક્ષણ કરવું જરૂરી છે તેમ જણાવ્યું હતું, જેમ કે એડ પ્લાન,

સ્ટોરી બોર્ડ રાઇટીંગ, એડ ફિલ્મનું શુટીંગ વગેરેની ગહન માહિતી આપી હતી. લગભગ ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૧૪-૧-૨૦૦૯ને શનિવારના રોજ સ્વર્ણિમ ગુજરાત અને CWDCના સંયુક્ત ઉપક્રમે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું.

હેતલબેન પટેલે સ્ત્રીમાં રહેલી સહનશક્તિ, તાકાતની ઓળખ કરાવી પોતાના જીવનમાં અનુભવેલી મુશ્કેલીઓની સાથે પોતાના સ્વપ્નને સાકાર કરવાની વાત કરી હતી.

દીપાબેન પંડ્યાએ ટેડીબિયર, વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવવી, ગ્લાસ પેઇન્ટીંગ વિશે વિસ્તૃત ચર્ચા કરી તથા તે વસ્તુઓ કઇ રીતે બનાવવી તેવી સમજ આપી સાથે દરેકને કંઇકને કંઇક કામ કરવાની પ્રેરણા આપી.

આ જ કોલેજમાં પુસ્તક પ્રદર્શનનું આયોજન કરાયું. તા. ૧૪-૧૧-૦૯ થી ૨૦-૧૧-૦૯ રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ તરીકે ઉજવાય છે. કોલેજના આચાર્યશ્રી ડૉ. માલાબેન, ગ્રંથપાલ ડૉ. વૈશાલીબેન અને ગ્રંથપાલ કમિટીના સહયોગથી રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી કરવામાં આવી જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને જીવનઉપયોગી પુસ્તકોમાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જ કોલેજમાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત તા. ૩૧-૧૨-૦૯ને ગુરૂવારના રોજ આણંદ એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજના વ્યાખ્યાતા (યોગ-શિક્ષણ)ના જયેશભાઇ (લાલો)ના મુખ્ય મહેમાન પદે **યોગ શિક્ષણ કાર્યક્રમ** યોજાયો.

કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન લાલાભાઇએ ગમ્મત સાથે તથા હસતા મુખે વિવિધ યોગાસન તથા IQ, EQ અને SQને વધારવા માટેના વિવિધ આસન સાથે ગુરૂનું કર્તવ્ય, યાદશક્તિ વધારવાના વિવિધ ઉપાયો ડેમોસ્ટ્રેશન સાથે શીખવ્યા.

આ જ કોલેજમાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત તથા સામાજિક વિજ્ઞાનમંડળ અને CWDCના નેજા હેઠળ તા. ૨૪-૧૧-૦૯ને મંગળવારના રોજ **રંગોળી સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું.

રંગોળી સ્પર્ધામાં સંપૂર્ણ RKSMની કોલેજ તથા શ્રીમતી પી. કે. ઇનામદાર કોલેજ ઑફ એજ્યુકેશનના મોટાભાગના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. **રંગોળી સ્પર્ધાનો વિષય "રાષ્ટ્રીય એકતા"** રાખવામાં આવ્યો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી સંજયભાઇ ભોઇ, દિપાલીબેન ગાંધી તથા ફાઇન આર્ટ્સ કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી કે. સી. પટેલે ભૂમિકા ભજવી હતી.

સ્પર્ધામાં પ્રથમ નંબરે આણંદ કોલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થી બિનલ વી. કા. પટેલ આવ્યા હતા. દ્વિતીય નંબરે આણંદ ઇન્સ્ટિટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝનાં વિદ્યાર્થી અંકિત સુથાર તથા તૃતીય નંબરે આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદના તાલીમાર્થી રાધા ભોઇ આવ્યા હતા.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** ખાતે તાજેતરમાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના ભાગરૂપે કોલેજના સોશિયલ આઉટરીચ સેલ અને રેડક્રોસ સોસાયટી, આણંદના સંયુક્ત ઉપક્રમે **રક્તદાન શિબિર**નું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં ૧૦૫ બોટલનું રક્તદાન થયું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટિટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ** ખાતે **NSS નો અભિમુખતા કાર્યક્રમ** તા. ૨૨-૧-૦૯ના રોજ યોજાઇ ગયો. NSSના અભિમુખતા કાર્યક્રમમાં BBA(Gen.), BBA(ISM) અને BCom.ના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. તેઓને NSSના ઉમદા હેતુઓની સમજ આપી હતી. તથા શ્રી બી.સી. ગાંધી સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને NSSના કાર્યસૂત્ર Not me but youની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

➢ આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત **શ્રી પી.એમ. પટેલ કોલેજ ઑફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન,** આણંદમાં તાજેતરમાં કોલેજ કા. આચાર્યશ્રી પારૂલબેન બી. પટેલ તથા ફીઝીક્સ વિભાગના અધ્યક્ષશ્રી આઇ. કે. શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ **ઇન્ડસ્ટ્રીયલ ટુર કમ વર્કશોપ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઇન્ડસ્ટ્રીયલ ટુર કમ વર્કશોપમાં સંસ્થાના ૩૫ વિદ્યાર્થીઓએ ઇન્દોરની Scientech Tech. Pvt. Ltd.ની મુલાકાત લીધી હતી.

➢ **Department of Social Work, Sardar Patel University** had organized **Study Tour to Jamnagar** for the final year students of MHRM. During the study tour students visited various manufacturing and service sectors at Jamnagar like, Essar Oil Ltd., Enercon India Ltd., Shree Digvijay Cements, Rajhans Metals, Digjam Suitings, Swan Food Pvt. Ltd., Geeta Machine & Tools Pvt. Ltd., Indusind Bank etc. During the study tour students got an opportunity to visit the plants and could come to know about many burning issues of HR and IR field.

During the study tour **One day training** was also organized on "**Role of HR in Service Sector**". In the training, eminent speakers like Mr. Ashish Verma, Branch Manager, Indusind Bank and Mr. Piyush Jaiswal, Branch Manager, ICICI Bank delivered informative talks on the given theme.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ,** આણંદનો તા. ૨૨-૧૨-૦૯ના રોજ મોઢેરા, પાટણ ઇત્યાદિ સ્થળોનો **શૈક્ષણિક પ્રવાસ** યોજાયો હતો.

આ જ કોલેજમાં લાયન્સ કલબ તથા રોટરેક્ટના સંયુક્ત ઉપક્રમે સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત તા. ૧-૧૨-૦૯ને મંગળવારના રોજ **''વિશ્વ એઇડ્સ સભાનતા''** કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમમાં ઉપસ્થિત વક્તા આણંદ રોટરેક્ટ કલબના ડૉ. પ્રહર્ષ રાજગુરૂએ એઇડ્સ વિશે વિસ્તૃત સમજ આપી હતી.

કાર્યક્રમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ CD પણ બતાવવામાં આવી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત સામુદાયિક સેવાધારા અન્વયે **વિશ્વ એઇડ્સ દિન જાગરૂતતા કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે કરમસદ મેડિકલ કોલેજના ડૉ. દીપકભાઇ શર્મા તથા આઇ. એફ. મન્સુરી, પ્રિયંકા પટેલ, રૂપલ પટેલ તથા આણંદ જીવનદીપ સેન્ટરમાંથી દર્શનાબેન ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. શર્માએ સ્લાઇડ શો દ્વારા 'એઇડ્ઝ અવેરનેસ' વિશે ખૂબ ઉપયોગી માહિતી આપી હતી. જીવનદીપ સેન્ટરમાંથી આવેલ દર્શનાબેન જે પોતે HIV પોઝીટીવ હોવા છતાં જીવન જીવવાની ખુમારી દર્શાવતા પોતાના પ્રતિભાવ આપ્યા હતાં. એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનમાં **રેડ રીબન કલબ અંતર્ગત સભ્યોની વરણી** કરવામાં આવી હતી.

➢ **શ્રી જે. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક, શ્રી પી. એમ. પટેલ પેરામેડીકલ સાયન્સ એન્ડ ટેકનોલોજી, આણંદ પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ, કરમસદ, એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ (ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યલ વર્ક) તથા શ્રીમતી એસ. કે. પટેલ અને શ્રીમતી કે. કે. પટેલ (ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યલ વર્ક)**ના સંયુક્ત ઉપક્રમે તા. ૧, ડિસેમ્બર ૨૦૦૯ના રોજ **'વિશ્વ એઇડ્સ દિન'**ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજમાં એઇડ્સ અંગેની માહિતી મળે અને સમાજ જાગૃત થાય તે માટે રેલીનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમની સાથે સાથે જ આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટીના પટાંગણમાં એઇડ્સની વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૧૧-૧૧-૦૯ને બુધવારના રોજ મૌલાના અબ્દુલ કલામ આઝાદના જન્મદિન નિમિત્તે ડૉ. કાન્તિભાઇ એસ. લિખિયા-રીડર, ડિપાર્ટમેન્ટર ઑફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટીના મુખ્ય મહેમાન વક્તાના પદે **રાષ્ટ્રીય શિક્ષણ દિનની ઉજવણી કાર્યક્રમ** યોજાયો.

મૌલાના અબ્દુલ કલામ આઝાદના જન્મદિન નિમિત્તે કોલેજની બહેનો માટે **નિબંધ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો વિષય **''મૌલાના અબ્દુલ કલામ આઝાદના શૈક્ષણિક વિચારો''** રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ નંબરે તાલીમાર્થી મેઘના જે. ડાભી, દ્વિતીય નંબરે રાધા આર. ભોઇ તથા તૃતીય નંબરે જલ્પા સી. મકવાણા આવ્યા હતા. તેઓને મહેમાનશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

પ્રસ્તુત નિબંધ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. પિનાકીનભાઇ યાજ્ઞિકે ભૂમિકા ભજવી હતી અને સર્વેને નિર્ણય બાબતે જાણ પણ કરી હતી.

➢ **સરદાર પટેલ નિર્વાણ દિનની ઉજવણી**ના ભાગરૂપે **શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજ, શ્રી જે. એમ. પટેલ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન હ્યુમિનિટીઝ, શ્રી પી. એમ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન (બી.એડ્.), શ્રી પી. એમ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન (મહિલા પી.ટી.સી.), શ્રી પી. એમ. પટેલ કોલેજ ઑફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેકનોલોજી અને શ્રી પી. એમ. પટેલ કોલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન**ના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ, કોલેજના આચાર્યો અને અધ્યાપકો સરદાર પટેલ ટ્રસ્ટ, કરમસદ ખાતે આવેલા વીર વલ્લભભાઇ પટેલ અને વિઠ્ઠલભાઇ પટેલ સ્મારકમાં ઉપસ્થિત રહ્યાં હતા. સંસ્થાના પ્રમુખશ્રી બિપીનચન્દ્ર પી. પટેલ (વકીલ) સાહેબે સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયા સરદાર વલ્લભભાઇ પટેલ અને વિઠ્ઠલભાઇ પટેલની પ્રતિમાને સૂતરની આંટી સાથે શ્રદ્ધા-સુમનરૂપે પુષ્પો દ્વારા અંજલિ આપી હતી. તેમજ પધારેલા મહેમાનો અને વિદ્યાર્થીઓએ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાને મીણબત્તી પ્રજ્વલિત કરી દિવ્યાંજલિ આપી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ સરદાર પટેલના જીવનકાર્યથી પરિચિત થાય અને રાષ્ટ્રસેવા માટે જાગૃત થાય તેવા શુભાશયથી 'સરદાર પટેલ' ફિલ્મ પણ બતાવવામાં આવી હતી.

➢ આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત **શ્રી જશભાઇ મોતીભાઇ પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ અને શ્રી જશભાઇ મોતીભાઇ પટેલ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન હ્યુમિનિટીઝ, આણંદના સંસ્કૃત વિભાગ**ના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના પ્રમુખશ્રી બિપિનચન્દ્ર પી. પટેલ (વકીલ)ના સાનિધ્યમાં તાજેતરમાં **'શ્રીમદ્ ભગવદ્ગીતા જયંતિ'**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૨ વિદ્યાર્થીઓએ શ્લોકગાનની સાથે સાથે 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના વિચારો રજૂ કર્યા હતા.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૨૪-૧૨-૦૯ને ગુરૂવારના રોજ આણંદના સબરજીસ્ટ્રાર અને મેરેજ રજીસ્ટ્રાર શ્રી એસ. કે. અમીન સાહેબના મુખ્ય મહેમાનપદે **નાતાલ ઉજવણી** કાર્યક્રમ યોજાયો.

આ જ કોલેજના ગુજરાતી ભાષા સાહિત્ય મંડળ દ્વારા તા. ૪-૧-૨૦૧૦ના રોજ પ્રાર્થનાસભામાં **સ્વ. કવિ રાજેન્દ્ર શાહને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ** યોજાયો હતો.

➢ **ડૉ. નિરંજન પટેલ**, અનુસ્નાતક સંસ્કૃત વિભાગે આર્ટ્સ, કોમર્સ કોલેજ, બાલાસિનોર ખાતે તાજેતરમાં ''તત્ર રમ્યં શાકુન્તલમ્'' વિષય અંગે વક્તવ્ય આપ્યું હતું.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **વિ. પી. સાયન્સ કોલેજ**માં તા. ૮-૧-૨૦૧૦ના રોજ વલ્લભ વિદ્યાનગરની મુલાકાતે આવેલ શ્રીમતી જયંતી રવિ, કમિશ્નર, હાયર એજ્યુકેશન, ગુજરાત એ વિ.પી. સાયન્સ કોલેજની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે તેઓશ્રીએ કોલેજના અધ્યાપકોને ઉદ્બોધન કરી શિક્ષણના બદલાતાં અભિગમની ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે શિક્ષકે વિદ્યાર્થી સાથેના પોતાના રોલને બદલવો પડશે તેમ જણાવતાં તેમણે 'મલ્ટીપલ ઈન્ટેલીજન્સ' વિશે વિગતે વાત કરી હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં તા. ૩૦-૧-૨૦૧૦ના રોજ **શહિદ દીનની ઉજવણી** કરવામાં આવી હતી. આ સંદર્ભે પ્રાર્થના સંમેલનમાં ૧૧.૦૦ વાગે ૫ મિનિટ મૌન રાખી શહિદોને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતાં.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લૉ કોલેજ** દ્વારા તા. ૧૨-૧-૨૦૧૦ના મંગળવારના રોજ **'સ્વામિ વિવેકાનંદ જન્મજયંતિ'** નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા હતા : આણંદ આર્ટ્સ કોલેજના નિવૃત્ત પ્રિન્સીપાલ અને કેમ્પસ ડાયરેક્ટર, શ્રી આર. પી. પટેલ.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ તથા આણંદ કોલેજ ઑફ એજ્યુકેશન**ના સંયુક્ત ઉપક્રમે તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત તા. ૨૨-૧-૨૦૧૦ને શુક્રવારના રોજ શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્ મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન કે. પટેલના અધ્યક્ષસ્થાને રીઝવાન કાદરીનું પ્રવચન યોજાયું હતું. પ્રવચનનો વિષય હતો **''ભારતના શિલ્પી સરદાર પટેલ''**.

➢ ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ**માં અંગ્રેજી વિભાગ દ્વારા તાજેતરમાં **''અભિવ્યક્તિ'' નામે સાંસ્કૃતિક કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું. ગુજરાત રાજ્ય 'સ્વર્ણિમ ગુજરાત' સપ્તધારા પ્રકલ્પ અંતર્ગત ''નાટ્ય, નૃત્ય, સંગીત ધારા'' અંતર્ગત યોજાયેલ આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં એફ.વાય.બી.એ. થી એમ. એ. સુધીના વિદ્યાર્થીઓએ પોતાની કૃતિ રજૂ કરી હતી. ક્લાસિકલ, વેસ્ટર્ન ગીત ઉપરાંત દોહા, છંદ, સમૂહ નૃત્ય તેમજ રાજસ્થાની નૃત્ય વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરી તેમની પ્રતિભાના દર્શન કરાવ્યાં હતાં.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **વિ. પી. સાયન્સ કોલેજ**માં ૮મી જાન્યુઆરીએ **શ્રી વિવેકાનંદજીની જન્મજયંતીની ઉજવણી** નિમિત્તે સપ્તધારાની 'ક્રિએટીવ રાઈટીંગ અને પબ્લીક સ્પીકીંગ' ધારાના નેજાં હેઠળ એક **જ્ઞાનસભા**નું આયોજન કરાયું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં સ્વર્ણિમ ગુજરાત તથા યુવાસપ્તાહ ઉજવણી અંતર્ગત સ્વ. શ્રીમતી ચંચળબેન ડાહ્યાભાઇ પટેલની સ્મૃતિમાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન બી. એડ્. કોલેજોની બહેનો માટે તા. ૧૨-૧-૨૦૧૦ને મંગળવારના રોજ **''સ્ત્રીઓના વ્યાવસાયિક વિકાસમાં બાળઉછેર અવરોધરૂપ છે.''** વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વક્તૃત્વ સ્પર્ધામાં કુલ ૯ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં **પ્રથમ વિજેતા આણંદ એજ્યુકેશન કોલેજની તાલીમાર્થી પારૂલબેન સોલંકી**, દ્વિતીય ક્રમે એન. આર. પટેલ બી. એડ્. કોલેજ, કરમસદની તાલીમાર્થી શીતલ પટેલ તથા તૃતીય ક્રમે વેમેડ કોલેજની તાલીમાર્થી અનિતા ભટ્ટ ઘોષિત થયા હતા.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સામરખા હાઇસ્કૂલના આચાર્યશ્રી નરેન્દ્રભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. બી. વી. વાઘેલા (એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ), પ્રા. ડૉ. અનિતા સાલુંકે (નલિની અરવિન્દ આર્ટ્સ કોલેજ) તથા પ્રા. ડૉ. સોનલબહેન દેસાઇ (વિ. પી. સાયન્સ કોલેજ)એ સેવા આપી હતી.

આ જ કોલેજમાં સ્વર્ણિમ ગુજરાત યુવા સપ્તાહ ઉજવણી અંતર્ગત તથા CWDCના નેજા હેઠળ તા. ૧૯-૧-૨૦૧૦ને મંગળવારના રોજ આણંદ આર્ટ્સ કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી બિનાબેન મહીડાના મુખ્ય મહેમાનપદે **દુલ્હન સ્પર્ધા** યોજાઇ.

દુલ્હન સ્પર્ધામાં કોલેજની કુલ ૧૪ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે સુનિતા વાઘેલા, દ્વિતીય નંબરે પ્રિયંકા ક્રિશ્ચિયન, તૃતીય નંબરે દિપા પંડ્યા તથા પૂર્વી કારપેન્ટરે આશ્વાસન ઇનામ પ્રાપ્ત કર્યા હતા.

આ જ કોલેજમાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી તથા યુવા સપ્તાહ ઉજવણી અંતર્ગત આણંદ નગરપાલિકા શાળા નં. ૧ ના આચાર્યશ્રી શ્રીમતી ઉષાબેન પટેલના મુખ્ય મહેમાનપદે તા. ૧૮-૧-૨૦૧૦ને સોમવારના રોજ **લગ્નગીત સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું.

લગ્નગીત સ્પર્ધામાં કોલેજની મોટાભાગની બહેનોએ ગ્રૃપમાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે પ્રિયંકા વાળંદ તથા તેના ગ્રૃપના સભ્યો, દ્વિતીય નંબરે પીનલ પરમાર તથા તેના ગ્રૃપના સભ્યો તથા તૃતીય નંબરે દિપાબેન તથા તેના ગ્રૃપના સભ્યો આવ્યા હતા.

આ જ કોલેજમાં સ્વર્ણિમ ગુજરાત અને યુવા સપ્તાહ તથા CWDC નેજા હેઠળ તા. ૨૦-૧-૨૦૧૦ને બુધવારના રોજ વિદ્યાનગર વિ. પી. સાયન્સ કોલેજના આચાર્યશ્રી ધીરુભાઇ દેસાઇના મુખ્ય મહેમાન પદે **વાનગી, આરતી સુશોભન તથા દેશભક્તિ ગીત સ્પર્ધા** યોજાઇ.

વાનગી સ્પર્ધા સ્વ. શ્રીમતી સવિતાબેન ગોરધનભાઇ પટેલ તથા સ્વ. શ્રીમતી શાન્તાબેન નરસિંહભાઇ પટેલના સ્મરણાર્થે રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત સંસ્થાઓ તથા બી.એડ્. કોલેજના વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવી હતી. જેમાં કુલ ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે આણંદ કોલેજ ઑફ એજ્યુકેશનની તાલીમાર્થી જલ્પાબેન અનીલકુમાર ભટ્ટ, દ્વિતીય નંબરે એન. આર. પટેલ મહિલા બી.એડ્. કોલેજ, કરમસદની રંજન મેકવાન તથા તૃતીય નંબરે ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશનની શબાનાબાનુ યુસુફ પઠાણ વિજેતા થયા હતા.

**આરતી સુશોભન સ્પર્ધા**માં કોલેજની કુલ ૯ બહેનોએ ભાગ લીધો હતો જેમાં પ્રથમ નંબરે પટેલ વિભૂતા, દ્વિતીય નંબરે શાહ માધવી તથા તૃતીય નંબરે પરમાર રેખા આવ્યા હતા.

**દેશભક્તિ ગીત સ્પર્ધા** સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત ૭ કલસ્ટરની કોલેજોના વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવી હતી. જેમાં કુલ ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે આણંદ એજ્યુકેશન કોલેજની તાલીમાર્થી વ્હોરા શહેરાબાનુ અનુલમજીદ, દ્વિતીય નંબરે આણંદ એજ્યુકેશન કોલેજની તાલીમાર્થી પરમાર સ્મિતલ જોનભાઇ તથા તૃતીય નંબરે આણંદ કોલેજ ઑફ એજ્યુકેશનની ભટ્ટ જલ્પાબેન આવ્યા હતા.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત યુવાસપ્તાહ ઉજવણી અન્વયે તા. ૪-૧-૨૦૧૦ના રોજ **વાર્તા-હાઇકુ સર્જન સ્પર્ધા** તથા તા. ૫-૧-૨૦૧૦ના રોજ **ભાતીગળ વેશભૂષા સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આંતરકોલેજ સ્પર્ધામાં વિવિધ કોલેજના તાલીમાર્થીઓએ સંગીતના સથવારે વિવિધ ભાતીગળ વેશભૂષા જેવી કે આસામી, ગુજરાતી, મરાઠી, કોંકણી, રાજસ્થાની વગેરે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા વસ્ત્ર પરિધાન કરીને કાર્યક્રમને દિપાવ્યો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના તરંગ અંધારિયા, દ્વિતીય ક્રમે એન.આર. પટેલ મહિલા બી. એડ્. કોલેજની સોનલ પંચાલ તથા તે જ કોલેજની જોલી ત્રિવેદી વિજેતા જાહેર થયા હતાં.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં સ્વર્ણિમ ગુજરાત તથા યુવા સપ્તાહ ઉજવણી અંતર્ગત આણંદ અનુસ્નાતક વિભાગના ડાયરેક્ટર શ્રી ડૉ. રમણભાઇ પટેલના મુખ્ય મહેમાનપદે તા. ૧૩-૧-૨૦૧૦ને બુધવારના રોજ **ગઝલ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું.

ગઝલ સ્પર્ધામાં કોલેજની કુલ ૧૫ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે પરમાર સ્મિતલ, દ્વિતીય નંબરે ક્રિશ્ચિયન પ્રિયંકા તથા તૃતીય નંબરે બે બહેનો જેમાં શહેરાબાનુ અને ભોઇ રાધા વિજેતા બન્યા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે હરીતાબેન, નિર્મળદાન ગઢવી તથા અભિપ્સાબેન યાજ્ઞિકે પોતાની સેવા આપી હતી.

➢ **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન સુવર્ણ જયંતિ વર્ષ** અને **સ્વર્ણિમ ગુજરાત ઉજવણી** નિમિત્તે તા. ૨-૨-૨૦૧૦ના રોજ માતૃભાષા ગુજરાતી અંગે જાગૃતતા કેળવવા અને સહચિંતન કરવા માટે જાણીતા શિક્ષક ડૉ. ગુણવંત શાહની આગેવાની હેઠળ યોજાયેલ **''માતૃભાષા વંદનાયાત્રા''ના ઉપક્રમે સંસ્થામાં શિક્ષણ સંમેલન**નું આયોજન થયું હતું. સંમેલનમાં વલ્લભ વિદ્યાનગર તથા નજીકના ગામોની કોલેજના શિક્ષક-પ્રશિક્ષકો તથા સંસ્થાના સૌ અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓ સહભાગી થયા હતા.

આ શિક્ષણ સંમેલન અંતર્ગત ડૉ. રવીન્દ્રભાઇ દવે, ડૉ. ગુણવંત શાહ, ડૉ. પી. જી. પટેલ અને ડૉ. ભદ્રાયુ વછરાજાનીના **''શિક્ષણ માતૃભાષામાં શા માટે ?''** વિષય પર વ્યાખ્યાનોનું આયોજન થયું હતું. આ માતૃભાષા વંદનાયાત્રામાં ઉપયાત્રાઓ પણ સામેલ થઇ હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી તથા યુવાસપ્તાહ ઉજવણી અંતર્ગત વલ્લભ વિદ્યાનગરના શ્રી સુરેશભાઇ પરીખના મુખ્ય મહેમાનપદે તા. ૧૮-૧-૨૦૧૦ને સોમવારના રોજ **વાચન અભિમુખતા કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું.

વાચન અભિમુખતા કાર્યક્રમમાં કુલ ૧૦ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં 'ભીતરનું સામર્થ્ય' પુસ્તક વિશે તાલીમાર્થીઓએ પોતાના વિચારો રજૂ કરવાના હતા. જેમાં તાલીમાર્થી કૈલાસ સિંઘા, નેહા ચૌહાણ અને કોમલ રાઉલજી ત્રણ બહેનોએ ઉત્તમ વિચારો રજૂ કર્યા હતા.

આ જ કોલેજમાં સ્વર્ણિમ ગુજરાત તથા યુવા સપ્તાહ ઉજવણી અંતર્ગત સિંહોલ હાઇસ્કૂલના આચાર્યશ્રી નિલેશભાઇ પટેલના મુખ્ય મહેમાનપદે તા. ૧૩-૧-૨૦૧૦ને બુધવારના રોજ **ગણિત-વિજ્ઞાન ક્વીઝ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું.

ક્વીઝ સ્પર્ધામાં કોલેજની ગણિત-વિજ્ઞાન વિષયની કુલ ૧૨ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં સામાન્ય જ્ઞાન, ગણિત-વિજ્ઞાન વિષયને લગતા વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ ક્વીઝ સ્પર્ધાનું સંચાલન તાલીમાર્થી દિવ્યાની અને બ્રિજેશાએ કર્યું હતું. ક્વીઝ સ્પર્ધામાં વિજેતા તાલીમાર્થી ખુશ્બુ તથા તેની ટીમના સભ્ય હેતલ તથા મિત્તલ બન્યા હતા.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**માં **ચિત્ર સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અન્વયે કોલેજના બે વિદ્યાર્થીઓના ચિત્રો મોકલવામાં આવેલ, તેમાં આ કોલેજની ટી. વાય.બી.બી.એ.માં અભ્યાસ કરતી કુમારી રીના વી. શાહનો પ્રથમ નંબર આવ્યો અને રૂા. ૩૫૦/-નું રોકડ પારિતોષિક પ્રાપ્ત કર્યું. અભિનંદન !

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** ખાતે તાજેતરમાં **મેનેજમેન્ટ સ્કીટ હરીફાઇ**નું આયોજન કરવામાં આવ્યું હતું. બે અલગ શાખાઓનું એકીકરણ કરી આ હરીફાઇ યોજવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓમાં મેનેજમેન્ટને લગતી ઊંડી નજર અને સ્પષ્ટ સૂઝને વિકસાવવા **બે દિવસીય કાર્યશાળા**નું પણ આયોજન કરવામાં આવ્યું

હતું. જેમાંથી ૨૦ વિદ્યાર્થીઓની ફાઇનલ હરીફાઇ માટે પસંદગી કરાઇ હતી. આ હરીફાઇના નિર્ણાયક તરીકે જાણીતા ''સ્કીટમેન'' શ્રી કુમાર ભોઇ અને મેનેજમેન્ટ શાખાના શ્રી નીશીથ દવેએ સેવા આપી હતી. વિદ્યાર્થીઓએ ઘણી સરસ રીતે અને સરળભાષામાં જે દરેક ઓફીસ, કંપનીમાં મુશ્કેલીઓ નડતી હોય છે તેનું નાટ્યસ્વરૂપમાં રુપાંતર કરી સમજાવ્યું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન,** આણંદના ઉપક્રમે એક દિવસના મહુડી, ગાંધીનગર, અમદાવાદના કેટલાક સ્થળોનું **પ્રવાસનું આયોજન** કરવામાં આવ્યું. એમાં ૯૩ પ્રશિક્ષણાર્થીઓ અને સ્ટાફના સભ્યો જોડાયા હતા.

➢ આણંદ મર્કન્ટાઇલ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત **આણંદ મર્કન્ટાઇલ કોલેજ**ના **અગિયારમાં વાર્ષિક દિનની ઉજવણી** તા. ૪ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ કોલેજ કેમ્પસમાં કરવામાં આવી. આ પ્રસંગે મુખ્ય અતિથિપદે આણંદ જીલ્લા કલેકટરશ્રી આર. એન. જોષી અને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિશ્રી પ્રોફેસર બીમલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**નો **વાર્ષિકોત્સવ** તા. ૫ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ યોજાયો હતો. કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે રાજીવ પેટ્રોકેમીકલ્સના અધ્યક્ષ, શ્રી રાજીવન વસ્તુપાલે હાજરી આપી હતી અને પ્રમુખ તરીકે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ડૉ. સી. એલ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ,** આણંદના પટાંગણમાં કોલેજનો **૪૦મો વાર્ષિકોત્સવ** તા. ૨૯-૧-૨૦૧૦ના રોજ પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગરના ડાયરેક્ટર જનરલ શ્રી ડૉ. ભાવેશભાઇ પટેલના મુખ્ય અતિથિ વિશેષ પદે તથા સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને મંત્રીશ્રી ભીખુભાઇ એન. પટેલના અધ્યક્ષપદે યોજાયો હતો. આ સમારંભની શરૂઆત રાષ્ટ્ર વંદના સાથે કરવામાં આવેલ. કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સુંદર પ્રાર્થના રજૂ કરાઇ હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં **રમતોત્સવ**નું આયોજન કરવામાં આવ્યું હતું. રમતોત્સવનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તથા મંત્રીશ્રી ભીખુભાઇ પટેલે કર્યું હતું. તાલીમાર્થી ભાઇ-બહેનોએ ચંદ્રશેખર આઝાદ, સરદાર પટેલ, સુનિતા વિલિયમ્સ અને કલ્પના ચાવલા એમ ચાર વિભાગમાં ફ્લેગમાર્ચ કરી રમતોત્સવનો પ્રારંભ કર્યો હતો. રમતોત્સવમાં ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, લાંબી કૂદ, કોથળા દોડ, દોરડા કૂદ, સિક્કા શોધ, લીંબુ-ચમચી દોડ, સંગીત ખુરશી, ખો-ખો, માટલી ફોડ જેવી રમતો યોજાઇ હતી. ભાઇઓના વિભાગમાંથી વસાવા ધીરેશ અને બહેનોના વિભાગમાંથી રાઠવા મમતાબેન ચેમ્પિયન ઑફ ધ ચેમ્પિયન જાહેર થયા હતાં. વિજેતાઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન ખેલ-કૂદ ધારાના ઇન્ચાર્જ પ્રા. જયકરભાઇ મેકવાન તથા પ્રા. લક્ષ્મણભાઇ બલાતે કર્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ** તથા આણંદ હાઇસ્કૂલના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં બુધવારના રોજ સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત આણંદ આઇ.ટી.આઇ.ના કેમ્પસ ખાતે **રમતોત્સવ તથા ફુડસ્ટોલ**નું આયોજન કરવામાં આવ્યું.

રમતોત્સવમાં વિવિધ પ્રકારની રમતો જેવી કે ૧૦૦ મીટર દોડ, દોરડા કૂદ, લીંબુ-ચમચી, સિક્કા શોધ, સ્લો સાઇકલ, ગોળા ફેંક, આંધળાનો ગોળીબાર, પૉટેટો રેસ, સંગીત ખુરશી, સોય દોરા વગેરે જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર રમતોમાં કોલેજની તમામ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમતોમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર તાલીમાર્થી નેહા ચૌહાણ ચેમ્પીયન બન્યા હતા.

➢ ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ** ખાતે તાજેતરમાં **આંતર-કલાસ ક્રિકેટ ટુર્નામેન્ટ**નું આયોજન કરવામાં આવ્યું.

આ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલ સ્નાતક-હિન્દી અને સ્નાતક-અંગ્રેજી વચ્ચે રમાઇ હતી, જેમાં સ્નાતક-હિન્દી ટીમનો વિજય થયો હતો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લૉ કોલેજ**માં તા. ૩૧-૧૨-૨૦૦૯ના ''સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦'' અંતર્ગત **મેડીકલ ચેક-અપ કેમ્પ** તથા 'કૃપા આરોગ્ય સુરક્ષા યોજના'માં વિદ્યાર્થીઓને આરોગ્ય સુરક્ષામાં જોડાવાનો કાર્યક્રમ યોજાઇ ગયો, જેનો કુલ ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. કોલેજ દ્વારા ૩૧મી ડીસેમ્બરની ઉજવણી **વિદ્યાર્થી અને સમાજલક્ષી કાર્યક્રમ**નું આયોજન કરીને કરવાની પરંપરાને અનુલક્ષીને, ચાલુ વર્ષના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને આરોગ્યની સુરક્ષા માટે ''સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦'' અંતર્ગત આણંદ લૉ કોલેજ દ્વારા આ બે કાર્યક્રમોનું આયોજન કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ પોતાનું મેડીકલ ચેક-અપ કરાવ્યું હતું. કરમસદ મેડીકલ કોલેજના વિવિધ ડોકટરોની ટીમોએ વિદ્યાર્થીઓની તપાસ કરીને યોગ્ય સલાહ-સૂચનો આપ્યાં હતાં. તદ્‌ઉપરાંત આ બધા વિદ્યાર્થીઓએ રૂા. ૫૦/- જેવી નજીવી રકમ ભરીને રૂા. ૫૦૦૦/- સુધીની મફત આરોગ્ય સુરક્ષા મેળવવા ''કૃપા આરોગ્ય સુરક્ષા યોજના''નો લાભ લીધો હતો.

➢ **Department of English, Sardar Patel University,** Vallabh Vidyanagar organised the **Nadiad Rotary Club Inter-Institutional Debating Competition in English** for the year 2009-10 in the Assembly Hall of the Humanities and Social Sciences Building from 2.30 pm onwards on Thursday, 25 February, 2010. Teams from various affiliated institutions, colleges and departments of University participated in the competition. The theme proposed for this year's debate was: In the opinion of the House "**Recent Rise of Media Activism and Consequent Trial-by-Media is inimical to Indian Judiciary System**". The performance of the participants was judged by a three-member Panel of judges comprising Dr D S Mishra, Former Professor & Head, Department of English, Sardar Patel University, Dr M H Patel, Professor & Former Head, Department of Gujarati, Sardar Patel University and Dr Hemant Dave, Asst. Professor, Department of History, Sardar Patel University, Vallabh Vidyanagar.

**Ms Anna Ahirvadita** of H M Patel Institute of English (IASE) won the **First Prize** of Rs. 201/-, **Ms Deepika Kevlani** of Department of English the **Second Prize** of Rs. 151/- and Mr Yatharth Dave of BVM the Third Prize of Rs.101/-. **The Rotating Shield for the year 2009-10 went to the team of Ms Deepika Kevlani and Mr Utpal Ganatra of Department of English, Sardar Patel University**, Vallabh Vidyanagar. Mr Manish Solanki, the Convenor of the Debate, compeered the programme.

---

(અનુસંધાન પાન ૧૪થી ચાલુ...)

આવું તો મેં વિચાર્યું જ નહોતું. આ અંગે મારે વધારે જાણવું હોય તો.

સીમ્પલ. એક ચોપડી છે. વાંચ. હિન્દુ ધર્મના આધારસ્તંભો.

એમાં તો બધુ અઘરૂં અઘરૂં હોય. બધું બમ્પર જાય.

ના રે ના... હસુ યાજ્ઞિક સાહેબે એમાં બધું બહુ સરળ રીતે સમજાવ્યું છે. વેદ, ઉપનિષદ, સ્મૃતિ, દર્શન, પુરાણો... યોગ, મંત્ર, તંત્ર બધુ એમાં છે.

આ પુસ્તક મળે ક્યાંથી ? અમદાવાદ.

ગૂર્જર એજન્સી, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧

આ ચોપડી વાંચવી પડશે.

તો હું શું કહેતો હતો... બધાના કેન્દ્રમાં યજ્ઞ છે. સમય જતાં બધું સંકુલ બનતું ગયું. એમાં અનેક વિધિવિધાનો જોડાયા.

બરાબર છે. એમ જ બને.

પહેલા તો યજ્ઞની બધી ક્રિયા કોઈ એક મુખ્ય પુરોહિત જ કરાવતા. પણ પછી એમાં બીજા આસીસ્ટન્ટની જરૂર પડવા માંડી.

સાચી વાત છે. ઓપ્થાલ્મોલોજીસ્ટ, ઓર્થોપેડિક, ગાયનેક એમ બધું જુદું જુદું.

હા... યજ્ઞ કરાવે એ યાજ્ઞિક. યજ્ઞનો હોમાત્મક વિધિ સંભાળે તે અદ્વર્યું... મંત્ર પાઠ કરે તે પાઠક.

અમારા સર જ યાજ્ઞિક સર છે. ને તમે પાઠક

હા य पठति स पाठक.

આ બધું યજ્ઞ સાથે જોડાયેલું છે.

એક વર્ગ પૂજનના મંત્રો બોલે... બીજો વર્ગ સ્તુતિના મંત્રો બોલે... ત્રીજો વર્ગ કેટલાક મંત્રોને ગાન સાથે રજૂ કરે.

સમજાયું...

આ રીતે યજ્ઞ ક્રિયા સાથે સંકળાયેલા મંત્રો ત્રણ વર્ગમાં વહેંચાયા.

ઓ.કે. મંત્રોના આ ત્રણ વર્ગોમાંથી જ ત્રણ વેદો રચાયા એમ જ ને.

હા... જે મંત્રો દ્વારા યજ્ઞની પૂજનવિધિ થતી તે યજુર્વેદ. યજ્ એટલે પૂજન કરવું. યજ્ઞ કરવો. જે મંત્રો દ્વારા સ્તુતિ થતી તે ઋગ્વેદ. ને જે સ્તુતિરૂપ મંત્રોનું ગાન થતું તે સામવેદ. આને કહેવાય મંત્રત્રયી.

બરાબર.

આમ, સામગ્રીની દષ્ટિએ ત્રણે વેદ એકબીજાથી સાવ જુદા નથી. ઋગ્વેદનું ઘણું બાકીના બે વેદમાં કોમન છે. હા ઉચ્ચારોમાં થોડો ફેર છે. ઋગ્વેદના મંત્રમાં 'ય' હોય તો યજુર્વેદમાં એનો ઉચ્ચાર 'જ' થઇ જાય.

સમજાયું. પણ હજુ એક મુંઝવણ છે. તમે ઋગ્વેદને ખૂબ જ ઇમ્પોર્ટન્સ આપ્યું. પણ મને કોઈ કહેતું ગીતામાં તો ભગવાને સામવેદનો મહિમા કર્યો છે.

હા. સાચું છે. એમાં શ્રીકૃષ્ણ કહે છે : વેદાનામ્ સામવેદોહિં... વેદોમાં હું સામવેદ છું. તો તમારા કહેવામાં કોન્ટ્રાડિકશન નથી ?

સ્હેજ પણ નહીં. કૃષ્ણ કેવા ?

આનંદમય... ચૈતન્યમય...

એકઝેટલી... સામવેદ પણ આનંદમય... સાંભળો ને તરત આનંદ થાય... સદ્ય આનંદમય... ગાન થાય એટલે આનંદ થાય. એ ગાઇ શકાય છે. બીજા વેદોનો પાઠ થાય. ગાવા માટે એને સંસ્કારવામાં આવ્યો છે. समं कृत इति साम... સમજાયું ?

હા...

અચ્છા તો હમ ચલતે હૈ...

**- પરમ પાઠક**

# ચલતે ચલતેઃ૪

વેદો તો ચાર છે.

એ તો જાણે બરાબર છે. પહેલા ત્રણ હતા. પછી ચોથો ઉમેરાયો. અથર્વવેદ. બરાબર ને ?

હા... આર્યોના જીવનમાં યજ્ઞનું બહુ જ મહત્ત્વ છે. આ ચારે વેદોના કેન્દ્રમાં પણ યજ્ઞ જ છે. યજ્ઞ એટલે શું તને ખબર છે ?

ઓહો... એમાં શું ? બ્રાહ્મણો નથી કરાવતા ? એક કુંડ બનાવે. એમાં અગ્નિ પ્રગટાવે. પછી જુદા જુદા લાકડાં, ઘી, અનાજ વગેરે એમાં હોમે. એ જ તો યજ્ઞ. આવા યજ્ઞો તો થતા રહે છે.

નારે... આ ખરો યજ્ઞ નથી.

અરે બીજા યજ્ઞો પણ થતા હોય છે. નેત્રયજ્ઞ, અરે સફાઈ યજ્ઞ.

આ પણ સાચૂકલા યજ્ઞો નથી.

તમે કહેવા શું માગો છો ?

યજ્ઞ એટલે માત્ર બાહ્ય ક્રિયાકાંડ નહીં. પૃથ્વી પર ચેતન પ્રગટે, પ્રસરે, વિકસે એ યજ્ઞ. યજ્ઞ એટલે સતત વહેતા રહેવું.

તમે તો બધું ફિલોસોફાઈઝ કરો છો.

સાવ એવું નથી. પણ યજ્ઞ પાછળની મૂળ દૃષ્ટિ જણાવું છું. ખરૂં જોતાં સમગ્ર સૃષ્ટિમાં યજ્ઞ ચાલે છે.

એ કઈ રીતે...

वसंतो अस्य आसीत् आज्यम्

એટલે ?

વસંતઋતુ આહુતિ માટેના ઘીરૂપ બની.

વાહ... વસંતપંચમી તો આ હમણાં જ ગઈ !

ग्रीष्म : इदम्

એ વળી શું ?

ગ્રીષ્મ ઇંધણરૂપ બની. અને शरद् हविः શરદ હવિરૂપ બની.

તો તો આ વિશ્વ જ એક મોટો યજ્ઞ જ ને.

હા...

એ રીતે જીવન યજ્ઞ... બધું જ યજ્ઞરૂપ.

આપણે જમીયે છીએ એ પણ યજ્ઞ... જમતી વખતે ઘણાં લોકો બોલે છેઃ યજ્ઞ શિષ્ટા શીના સન્તો...

બરાબર છે.

આર્યોના જીવનના કેન્દ્રમાં યજ્ઞ છે. એમના વેદોના કેન્દ્રમાં પણ યજ્ઞ છે.

(અનુસંધાન પાન ૧૩ ઉપર...)


## Subscribe Today

| **Annual** | | **Life** |
| --- | --- | --- |
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**
US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**

Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.